ક્રમાંક/FRC/૨૦૨૫/૯૯-૨૦૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા ભવનની સામે,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા. ૨૭/૧/૨૦૨૫

# ફી નિયમન સમિતિ, વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
Email Add:- frcvadodara@gmail.com
Ph:-0265-2488487

દાહોદ એફીડેવિટ FRC નં:-૦૭/૨૦૨૫-૨૬

યુડાયસ નં:- ૨૪૧૮૦૧૦૭૫૩૯

તા:-૧૭/૦૧/૨૦૨૫

Email ID:- littleflowerschool22@gmail.com

મોબાઇલ નં:- ૯૮૯૮૧૫૭૪૧૪

શાળાનું નામ:- લીટલ ફલાવર્સ સ્કુલ, શેઠશ્રી ગિરધરલાલ માર્ગ, અનાજ માર્કેટની સામે, રળિયાતી રોડ, દાહોદ ૩૮૯૧૫૧નાએ રજૂ કરેલ સોગંદનામાં ઉપર હુકમ.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી મહંમદહનીફ સવાઇખાન સિંધી, નિવૃત્ત પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ જજ | અધ્યક્ષ |
| (૨) | શ્રી ધર્મેન્દ્રસિંહ નારસિંહ રાજપૂત, શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ | સભ્ય |
| (૩) | શ્રી જયેશકુમાર બંસીભાઇ પટેલ, શિક્ષણ શાસ્ત્રી | સભ્ય |
| (૪) | પ્રો.ડૉ. ઇન્દ્રજીત પટેલ, સિવિલ એન્જીનિયર | સભ્ય |
| (૫) | શ્રી સી.એ.કૃણાલ બ્રહ્મભટ્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | સભ્ય |

## -:: હુકમ ::-

(૧) ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ : ૨૦૧૭ તથા ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ અન્વયે તા:-૨૫/૦૪/૨૦૧૭ના રોજ અમલી બનેલ છે. જે અન્વયે વડોદરા વિભાગ માટેની સરકારશ્રી દ્વારા ફી નિયમન સમિતિની રચના કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના જાહેરનામાં ક્રમાંક: જી.એચ/એસએચ/૨૦/બીએમએસ/૧૧૧૭/૮૩/છ અને જીએચ/એસએચ/૦૬/બીએમએસ/૧૧૧૮/૮૩/છ અન્વયે નીચે મુજબ ની ફી નિર્ધારીત કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ | રૂ.૧૫,૦૦૦/- |
| (૨) | માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ) | રૂ.૨૫,૦૦૦/- |
| (૩) | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) | રૂ.૩૦,૦૦૦/- |

ફી ઠરાવેલ છે અને તે મુજબ જે શાળા જાહેરનામામાં ઠરાવેલી ફી કરતાં ઓછી ફી વસુલ કરતી હોય તેવી સ્વ-નિર્ભર શાળાઓને ફી-નિર્ધારણમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

Little Flowers' School, Dahod
Inward No.: -
Outward No.: 53/2024-25
Date: 28-01-2025

(૩) અરજદાર શાળા દ્વારા સને ૨૦૨૨-૨૩ થી સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે નીચે મુજબની ફી, ફી નિયમન સમિતિ, વડોદરા દ્વારા મંજૂર કરવામાં આવેલ હતી. જેની વિગત નીચે મુજબ છે :-

| અ. નં. | ધોરણ | માધ્યમ | | ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ ફી ની વિગત. | | |
|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | સને ૨૦૨૨-૨૩ | સને ૨૦૨૩-૨૪ | સને ૨૦૨૪-૨૫ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧. | ૯ થી ૧૦ | - | અંગ્રેજી | રૂ.૧૫૫૦૦/- | રૂ.૨૨૦૦૦/- | રૂ.૨૪૦૦૦/- |

| અ. નં. | ધોરણ | માધ્યમ | | ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ ફી ની વિગત. | | |
|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | સને ૨૦૨૨-૨૩ | સને ૨૦૨૩-૨૪ | સને ૨૦૨૪-૨૫ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૨. | ૧૧ થી ૧૨ જનરલ | - | અંગ્રેજી | રૂ.૧૭૦૦૦/- | રૂ.૨૨૦૦૦/- | રૂ.૨૪૦૦૦/- |
| ૩. | ૧૧ થી ૧૨ સાયન્સ | - | અંગ્રેજી | રૂ.૨૧૦૦૦/- | રૂ.૨૬૦૦૦/- | રૂ.૨૮૦૦૦/- |

(૪) અત્રેની ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ અરજદાર શાળાએ તેમના અધિકૃત પ્રતિનિધિનું તા:-૨૬/૧૧/૨૦૨૪ના રોજ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ફોર્મ-૪ સોગંદનામું રજૂ કરેલ છે. ગુજરાત સરકારના જાહેરનામા મુજબ (૧) પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ માટે રૂા.૧૫,000/- (૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ) માટે રૂા.૨૫,000/- અને (૩) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) માટે રૂા.30,000/- વાર્ષિક ફી કરતાં ઓછી ફી લેતા હોવાથી દરખાસ્ત (ફોર્મ-૨) રજૂ કરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. અરજદાર શાળાએ સને : ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે જાહેરનામા કરતાં ઓછી ફી ની માંગણી કરેલી હોઇ અને તે ફી વ્યાજબી અને ન્યાયી હોઇ ફી નિયમન સમિતિ, વડોદરા દ્વારા મંજૂર કરવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે :-

| અ.નં | ધોરણ | માધ્યમ | | સને : ૨૦૨૫-૨૬માં શાળા દ્વારા માંગવામાં આવેલ ફી | ફી નિયમન સમિતિ દ્વારા સને : ૨૦૨૫-૨૬ માં મંજૂર કરેલી ફી |
|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧. | ૯ થી ૧૦ | - | અંગ્રેજી | રૂ.૨૪૦૦૦/- | રૂ.૨૪૦૦૦/- |
| ૨. | ૧૧ થી ૧૨ જનરલ | - | અંગ્રેજી | રૂ.૨૪૦૦૦/- | રૂ.૨૪૦૦૦/- |
| ૩. | ૧૧ થી ૧૨ સાયન્સ | - | અંગ્રેજી | રૂ.૨૮૦૦૦/- | રૂ.૨૮૦૦૦/- |

<u>**શરતો**</u> **:-**

૧) શાળા દ્વારા વાર્ષિક કુલ ફી ની રકમ પૈકી વધુમાં વધુ માસિક/ત્રિમાસિક ધોરણે ફી વસુલ કરી શકાશે. એક જ સમયે માસિક/ત્રિમાસિક ફી કરતાં વધુ લેવામાં આવેલી ફી અંગે ફી નિયમન અધિનિયમ અને નિયમોની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨) વિદ્યાર્થી/વાલીઓએ આવી ફી શાળા દ્વારા નક્કી કરેલ બેન્ક ખાતામાં ઠરાવેલી ફી ની સીધી જ ચુકવણી કરવી અને તેની પાવતી/અડધીયું શાળામાં રજૂ કરવી.

૩) ફી નિયમન સમિતિએ નક્કી કર્યા કરતાં વધુ ફી જો શાળા દ્વારા લેવામાં આવી હશે તો વિદ્યાર્થી / વાલીને આ હુકમ થવાના દિન-30માં સરભર/પરત કરવાની રહેશે.

૪) અરજદાર શાળા વિદ્યાર્થી/વાલી પાસેથી ફી ભરવામાં થયેલા વ્યાજબી વિલંબ માટે દંડની રકમ વસુલ કરી શકશે નહીં.

૫) અરજદાર શાળા વિદ્યાર્થી / વાલી પાસેથી વૈકલ્પિક પ્રવૃત્તિની ફી વિદ્યાર્થી/વાલીની સંમતિથી અલગ લઇ શકશે.

૬) ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ ફી, ફી નિયમન અધિનિયમ:૨૦૧૭ની કલમ-૨ (જી) મુજબની નક્કી કરેલ છે.

ફી નિયમન સમિતિ, વડોદરા ઝોન, વડોદરા

૭) અરજદાર શાળાએ આગામી વર્ષ માટેની નવી દરખાસ્ત (ફોર્મ-૨) અથવા સોગંદનામું (ફોર્મ-૪) ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ તેમજ તે માટેના નિયમોની જોગવાઇઓ મુજબ ૩૧ મી ઓક્ટોબર પહેલાં રજૂ કરવાના રહેશે.

૮) અરજદાર શાળાએ નવી દરખાસ્ત ફોર્મ-૨ / સોગંદનામું ફોર્મ-૪ના કામે પાછલા વર્ષના કરેલા આખરી હુકમની નકલ રજૂ કરવાની રહેશે.

૯) શાળા સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવો, પરિપત્રો અને સૂચનાઓનું તથા ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) એકટ અને રૂલ્સ-૨૦૧૭ની તમામ જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦) ફી નિયમન સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી એમ બંન્ને ભાષામાં નોટીસ બોર્ડ તથા શાળાની વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

આ હુકમની જાણ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી / ફી નિયમન સમિતિના કો-ઓર્ડીનેટર (સંયોજક)શ્રીને કરવાની રહેશે અને તેઓએ જે-તે શાખાને તાત્કાલિક જાણ કરવી.

તારીખ:- ૧૭ માહે જાન્યુઆરી સને: ૨૦૨૫

સ્થળ:- વડોદરા

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા:-૧૭/૦૧/૨૦૨૫ ના આદેશાનુસાર

ફી નિયમન સમિતિ
સત્યમેવ જયતે
વડોદરા ઝોન, વડોદરા

ચીફ કો-ઓર્ડીનેટર
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ,આચાર્ય/સંચાલકશ્રી, લીટલ ફલાવર્સ સ્કુલ, શેઠશ્રી ગિરધરલાલ માર્ગ, અનાજ માર્કેટની સામે, રળિયાતી રોડ, દાહોદ ૩૮૯૧૫૧

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.